# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31-05-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : SATURDAY** **National News**

**આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.**

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મધ્યપ્રદેશમાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કર્યું ... લોકમાતા અહિલ્યાબાઇની 300મી જન્મજયંતિની ઉજવણીમાં ભાગ લીધો
2) પાકિસ્તાન અંગેના અગાઉના નિવેદનને પરત ખેંચીને આંતકવાદ મામલે કોલંબિયાએ ભારતનું મજબૂત સમર્થન કર્યું
3) પાકિસ્તાનની સરહદે આવેલા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આજે 'ઓપરેશન શીલ્ડ' હેઠળ મોક ડ્રીલ યોજાશે..
4) મિઝોરમના લોંગટલાઇ શહેરમાં હોટલ સહિત છ મકાનો ધરાશાયી થતાં કેટલાંકના મોત થયા હોવાની આશંકા
5) મંગોલિયામાં ઉલાનબતાર ઓપન કુસ્તી સ્પર્ધામાં, ભારતીય ખેલાડીઓએ ચાર સુવર્ણ સહિત છ ચંદ્રક જીત્યા
6) મિસ વર્લ્ડ 2025નો ગ્રાન્ડ ફિનાલે આજે સાંજે હૈદરાબાદમાં યોજાશે.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# DAY.-PM-MP-VISIT-(EARLY-STORY)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મધ્યપ્રદેશના ભોપાલમાં જાંબુરી મેદાન ખાતે લોકમાતા દેવી અહિલ્યા બાઈની 300મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત મહિલા સશક્તિકરણ મહા સંમેલનમાં હાજરી આપી રહ્યા છે. પ્રધાનમંત્રી ખુલ્લા વાહનમાં લોકો વચ્ચે પહોંચ્યા હતા. અગાઉ, પ્રધાનમંત્રીએ સંસ્કૃતિ વિભાગ દ્વારા આયોજિત લોકમાતા દેવી અહિલ્યા બાઈના સુશાસન, મહિલા સશક્તિકરણ અને સંસ્કૃતિ પર આધારિત પ્રદર્શનની મુલાકાત લીધી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતુંકે લોકમાતા અહિલ્યાબાઇ ભારતીય સંસ્કૃતિના સંરક્ષક રહ્યા હતા.

(બાઇટ- નરેન્દ્ર મોદી ,પ્રધાનમંત્રી (ઓન અલહ્યાબાઇ)

પ્રધાનમંત્રીએ હવાઈ જોડાણ વધારવા માટે દતિયા અને સતના એરપોર્ટનું ઉદ્ઘાટન કરી અને ક્ષિપ્રા નદી પર 860 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે ઘાટના બાંધકામ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો. પ્રધાનમંત્રીએ કહ્યું હતુંકે આજે મધ્યપ્રદેશમાં થયેલા વિવિધ પરિયોજનાઓના ઉદઘાટનને કારણે મધ્ય પ્રદેશનો સર્વાંગી વિકાસ થશે

(બાઇટ- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી , (એમપી પ્રોજેક્ટ )

. . . . . . . . . . . . . . . .

# DAY ALL PARTY DELEGATION

આતંકવાદને નાબૂદ કરવાના ભારતના અડગ સંકલ્પને વિશ્વના દેશો સુધી પહોંચાડવા માટે સાત  બહુપક્ષીય સંસદીય પ્રતિનિધિમંડળો વિવિધ દેશોની મુલાકાતે છે.  કોંગ્રેસના સાંસદ શશી થરૂરના નેતૃત્વમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ, કોલંબિયાની મુલાકાતે છે, તેમણે કોલંબિયાના વિદેશ મંત્રી રોઝા યોલાન્ડા વિલાવિસેન્સિયો અને એશિયા-પેસિફિક સાથે કાર્યરત વરિષ્ઠ સાથીદારો સાથે મુલાકાત કરી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી થરૂરે કહ્યું કે કોલંબિયાના મંત્રીઓએ પાકિસ્તાન અંગેના અગાઉ આપેલા નિવેદનને પરત ખેંચી લીધુ છે..  અને ભારતને  મજબૂત સમર્થન આપ્યું છે. શિવસેના સાંસદ ડૉ. શ્રીકાંત એકનાથ શિંદેના નેતૃત્વમાં બીજા એક પ્રતિનિધિમંડળે સિએરા લિયોનની મુલાકાત પૂર્ણ કરી છે. પ્રતિનિધિમંડળે સંસદના અધ્યક્ષ, સંરક્ષણ નાયબમંત્રી , રાષ્ટ્રીય સુરક્ષા સંયોજક, કાર્યકારી વિદેશ પ્રધાન અને સિએરા લિયોનના ઉપરાષ્ટ્રપતિ સહિતના મહાનુભાવો સાથે વ્યાપક બેઠકો કરી હતી.

સિએરા લિયોનની સંસદે પહેલગામ ખાતે થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી હતી અને હુમલાના પીડિતોને મૌન પાળીને શ્રધ્ધાજંલી અર્પી હતી. મુલાકાતનું સમાપન આતંકવાદનો સામનો કરવા અને આંતરરાષ્ટ્રીય શાંતિ જાળવવા માટે યુએન સુરક્ષા પરિષદ, ફાઇનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) અને અન્ય વૈશ્વિક મંચો પર સંકલિત કાર્યવાહી માટે હાકલ સાથે થયું હતું. ડીએમકે સાંસદ કનિમોઝીના નેતૃત્વમાં એક અન્ય સર્વપક્ષીય પ્રતિનિધિમંડળે લાતવિયામાં  ભારતીય ડાયસ્પોરા સાથે વાતચિત કરી હતી.

-----------------------------------------------------------

## DEPUTY-PM-NZ-VISIT

ન્યુઝીલેન્ડના નાયબ  પ્રધાનમંત્રી અને વિદેશ મંત્રી વિન્સ્ટન પીટર્સે પહેલગામમાં તાજેતરના આતંકવાદી હુમલાની  નિંદા કરી છે અને ભારતના નાગરિકો સાથે ન્યુઝીલેન્ડની એકતાનો  પુનરોચ્ચાર કર્યો છે.

ભારતની મુલાકાતે આવેલા શ્રી પીટર્સે વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથે વેપાર અને અર્થવ્યવસ્થા, સંરક્ષણ અને સુરક્ષા, પરંપરાગત દવા, રમતગમત, શિક્ષણ અને લોકો વચ્ચેના સંબંધો સહિતના મુદ્દે દ્વિપક્ષીય ચર્ચા કરી હતી.

બંને દેશોએ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું.  તેઓએ મુક્ત, સુરક્ષિત અને સમૃદ્ધ હિંદ પ્રશાંત ક્ષેત્ર માટે તેમની સહિયારી પ્રતિબદ્ધતાની પણ પુષ્ટિ કરી હતી.

. . . . . . . . . . . . . . . .

## INDIA-BRAZIL-SHANGRILA-DIALOGUE

ભારત અને બ્રાઝિલે શગરીલા સંવાદ 2025માં દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા અને હિન્દ પ્રશાંત ક્ષેત્રને મુક્ત અને સમાવિષ્ટ બનાવવાનો પુનરોચચાર કર્યો.ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ અને બ્રાઝિલ સશસ્ત્ર દળોના વડા એડમિરલ એગુઆર ફ્રેયરે આ

સંવાદમાં સહિયારા મૂલ્યો અને હિતોની ચર્ચા કરી હતી. ચર્ચા દરમિયાન, બંને દેશોએ પ્રાદેશિક સુરક્ષા, દરિયાઈ સ્વતંત્રતા અને ટકાઉ વિકાસ પર સહયોગ પર પણ ભાર મૂક્યો.

. . . . . . . . . . . . . . .

## MOCDRILL

રાષ્ટ્રીય સુરક્ષા તૈયારીઓને વધારવાના એક મહત્વપૂર્ણ પગલામાં, પાકિસ્તાન સાથે સરહદો ધરાવતા અનેક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 'ઓપરેશન શીલ્ડ' હેઠળ નાગરિક સંરક્ષણ મોક ડ્રીલ આજે સાંજે  યોજાશે.

આ કવાયતો સાંજે 5:00 વાગ્યે શરૂ થવાની છે અને પંજાબ, રાજસ્થાન, ગુજરાત, જમ્મુ અને કાશ્મીર, હરિયાણા અને ચંદીગઢમાં યોજાશે, જે સરહદની નજીકના અને સરહદ પારના જોખમો માટે સૌથી વધુ સંવેદનશીલ પ્રદેશો પર ધ્યાન કેન્દ્રિત કરશે.

ઓપરેશન શીલ્ડ' નાગરિક અધિકારીઓ, કટોકટી સેવાઓ અને સ્થાનિક વસ્તીની તૈયારીનું મૂલ્યાંકન કરવા માટે હવાઈ હુમલાના સાયરન, બ્લેકઆઉટ પ્રોટોકોલ અને વિવિધ કટોકટી પ્રતિભાવ ક્રિયાઓ સહિત પ્રતિકૂળ પરિસ્થિતિઓનું અનુકરણ કરવા માટે રચાયેલ છે.

. . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# MIZORAM-BUILDINGS-COLLAPSED

મિઝોરમમાં, લૌંગટલાઈ શહેરમાં ભારે વરસાદને કારણે થયેલા ભૂસ્ખલન બાદ એક હોટલ સહિત છ મકાનો ધરાશાયી થતાં અનેક લોકોના મોતની આશંકા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ ગઇકાલે આ દુર્ઘટના સરહદ નજીક બજાર વેંગ અને ચાંદમારી વિસ્તારોમાં બની હતી.

રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ અને સેનાના નેતૃત્વમાં બચાવ કામગીરી ચાલી રહી છે. મિઝોરમમાં ગઈકાલથી ભારે વરસાદ પડી રહ્યો છે, જેના કારણે ઘણા વિસ્તારોમાં ભૂસ્ખલન અને ખડકો ધસી પડ્યા છે.

. . . . . . . . . . . . . . .

# J-K-COAS

જમ્મુ અને કાશ્મીરમાં, સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ગઈકાલે સુંદરબની સેક્ટરમાં નિયંત્રણ રેખા નજીકના વિસ્તારો અને ચોકીઓની મુલાકાત લઈ સ્થિતિની સમીક્ષા કરી.

આકાશવાણી જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ, મુલાકાત દરમિયાન જનરલ દ્વિવેદીને ફોર્મેશન કમાન્ડરોએ નિયંત્રણ રેખા પર પ્રવર્તમાન સુરક્ષા પરિસ્થિતિ અને કામગીરીની ગતિશીલતા વિશે માહિતી આપી હતી.

સૈનિકો સાથે વાતચીત કરતા, સેના પ્રમુખે ઓપરેશન સિંદૂર દરમિયાન તેમના અનુકરણીય પ્રદર્શનની પ્રશંસા કરી. જનરલ દ્વિવેદીએ સતત બદલાતા સુરક્ષા પરિદૃશ્ય વચ્ચે ઉચ્ચ સ્તરની સતર્કતા અને તૈયારીના મહત્વ પર ભાર મૂક્યો.

. . . . . . . . . . . . . . . .

# DEFENCE-EXPORTS

સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહે કહ્યું કે, સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા માત્ર દેશની વ્યૂહાત્મક સ્વાયત્તતા જાળવવા માટે જ નહીં પરંતુ વિકસિત ભારતના મુખ્ય ધ્યેયને પ્રાપ્ત કરવા માટે પણ મહત્વપૂર્ણ છે. નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં બોલતા શ્રી સિંહે કહ્યું કે, વર્ષ 2015માં, ભારત સંરક્ષણ સાધનોનો મુખ્ય આયાતકાર હતો, જ્યારે આજે ટોચના 25 નિકાસકાર દેશોમાંનો એક બની ગયો છે.

તેમણે કહ્યું કે ભારતીય કંપનીઓ મિસાઇલ, રોકેટ લોન્ચર ,વિવિધ પ્રકારના જહાજો અને દરિયાઈ દેખરેખ પ્રણાલી જેવા સંરક્ષણ ઉત્પાદનો 100થી વધુ દેશોમાં નિકાસ કરી રહી છે. શ્રી સિંહે માહિતી આપી કે સંરક્ષણ મંત્રાલયે આ ઉત્પાદનોની ખરીદી પ્રક્રિયામાં લાગતો સમય ઘટાડવા માટે પગલાં લીધા છે.

તેમણે ખાનગી ઉદ્યોગોને સંશોધન અને વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા  પર વિશેષ ભાર મૂકવા વિનંતી કરી.

. . . . . . . . . . . . . . . .

# WRESTLING-ULAANBAATAR-OPEN

મંગોલિયામાં ઉલાનબતાર ઓપન કુસ્તી સ્પર્ધા 2025માં, ભારતીય ખેલાડીઓએ ચાર સુવર્ણ સહિત છ ચંદ્રક જીત્યા છે. અંતિમ પંગાલે મહિલાઓની 53 કિલોગ્રામ વજનજુથ, નેહા સાંગવાને 57 જ્યારે મુસ્કાને 59 અને હર્ષિતાએ 72 કિલોગ્રામ વજનજુથની સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યા છે.

પુરુષોના 60 કિલોગ્રામ વજનજુથમાં સૂરજે રજત, જ્યારે નીલમે મહિલાઓની 50 કિલોગ્રામ ફ્રીસ્ટાઇલમાં કાંસ્ય જીત્યો છે. આ સ્પર્ધામાં અત્યાર સુધીમાં ભારતે પાંચ સુવર્ણ, ત્રણ રજત અને ચાર કાંસ્ય સહિત 12 ચંદ્રકો જીત્યા છે.

. . . . . . . . . . . . . . . .

# Miss-World-Finale

મિસ વર્લ્ડ 2025નો ગ્રાન્ડ ફિનાલે આજે સાંજે હૈદરાબાદમાં યોજાશે. તેલંગાણામાં છેલ્લા એક મહિનાથી ચાલી રહેલી સ્પર્ધામાં કુલ 108 સ્પર્ધકોએ શ્રેણીબદ્ધ કાર્યક્રમોમાં ભાગ લીધો છે. અમારા સંવાદદાતાના અહેવાલમાં જણાવ્યા અનુસાર આ કાર્યક્રમમાં વર્ષ 2017ના મિસ વર્લ્ડ માનુષી છિલ્લર દ્વારા વિશેષ પ્રસ્તુતિ કરાશે.

ઉપરાંત અભિનેતા સોનુ સૂદને મિસ વર્લ્ડ હ્યુમેનિટેરિયન એવોર્ડ એનાયત કરાશે. ઉલ્લેખનીય છે કે ભારતના નંદિની ગુપ્તા સહિત 16 સ્પર્ધકો વિવિધ શ્રેણીમાં ટોચના 40માં સ્થાન મેળવી ચૂક્યા છે. જ્યારે નિર્ણાયકો બાકીના 24 સ્પર્ધકોની પસંદગી કરશે અને અંતે મિસ વર્લ્ડ 2025ના વિજેતા જાહેર કરાશે.

. . . . . . . . . . . . . . . .

# FRENCH-OPEN-TENNIS

ભારતના રોહન બોપન્ના અને ચેક ગણરાજ્યના એડમ પાવલાસેકની જોડીએ ફ્રેન્ચ ઓપન ટેનિસ સ્પર્ધામાં  પુરુષ ડબલ્સના બીજા તબક્કામાં ફેબિયન રેબૌલ અને સાદિયો ડુમ્બિયાને હરાવ્યા છે. આ જોડીનો આગામી

મુકાબલો આવતીકાલે બ્રિટેનના હેનરી પેટન અને ફિનલેન્ડના હેરી હેલિયોવારાની જોડી સામે થશે.

. . . . . . . . . . . . . . . .